ઘોંટાલામાં ગોસ.

(A Parody of ROMEO & JULIET.)

By

Drs. Jehangir Wadia & Minoo Langrana.



Songs by **Authors & Manek Pardiwala.**

Performed by Parsi Medical Amateurs.

દીબાચો.

મહેરબાન બાનુઓ અને ગ્રહસ્થો,

ગરીબડી ગુજરાત પર પાયમાલ કરી નાખનારી રેલને લીધે આવી પડેલી જબુન અને અસાધારણ આફતમાં અમે અમારો અદના હીસ્સો આપી, સંકટમાં ફસી પડેલા કમનસીબો તરફ અમારી ખરાં દીલની દીલસોજી બતાવવા અમે **મેડીકલ એમેચ્યુઅર્સો** આજે જાહેરમાં **વીસમી** વખત તમો મહેરબાનો સનમુખ હાજર થઇયે છઇયે. પંદર વરસની હમારી ચાલુ કોસેસોથી અમે મેડીકલ એમેચ્યુઅર્સો **પારસી ધરમખાતાંઓને સીતેર હજાર રૂપ્યા** જેટલી રકમ મેલવી આપવાના અમારા રેકોર્ડ માટે અમો વાજબી રીતે મગરૂરી લઇ શકયે છીએ. શોખીન તમાશબીન પારસી આલમ તરફથી અમને અમારી એ કોસેસોમાં જે ઉત્તેજન, ઉલટ અને ટેકો મલેચ તેજ અમારી નાચીઝ સેવાઓનો પુરતો બદલો મલેલો સમજીયે છીએ. થીયેટરને લગતાં ડ્રેસીસ, સીનરી, સામનો વગેરેનાં પુરતાં સાધનોની ગેરહાજરીમાં ઉઠાવવી પડતી જંજાલોને એ સોખની સેવાની સેંકડો મુસીબતો અમારી પ્યારી કોમ તરફની અમારી ચાહતી લાગણીને ખાતર અમો ઘણાજ ખુસી અને સંતોસથી ઉપાડી લઇયે છીએ.

અમારી સાથે ખેલમાં ભાગ લેનારા અને અમને પોતાના વખત અને અભ્યાસના ભોગે અને ધંધાની રોકાણો છતાં ખેલમાં ઉલટથી ભાગ લઇ મદદ કરનારા ડોકટરો તેમજ સ્ટુડંટોનો જીગરના ઉંડાણથી આભાર માનીયે છીએ; ખાસ કરીને અમારાં ચીફ માનીતાં લેડી કેરેક્ટર ડાૅ૦ જાલ પટેલે પોતાની બહોલી રોકાણો છતાં પ્રેકટીસનો ભોગ આપીને મદદ કરવાની જે ઉલટ બતાવી છે તે માટે એ ભાઇનો તેમજ અમારી બાજુમાં હમેસ ખડા રહી મેહનત કરનારા ડાૅ૦ જમશેદ માણેકશા ડાૅ૦ ધનજીભાઇ લવંગીયા, ડાૅ૦ વાંકડીયા તેમજ માણેક પારડીવાલાનો અને ડોસા દેશાઇનો ખરાં દીલથી આભાર માનીયે છીએ.

થીયેટર ભાડે આપવા માટે માદન લીમીટેડના ડાયરેક્ટરોનો તેમજ ડ્રેસીસ વગેરેની કીંમતી મદદ આપવા માટે બાલીવાલા થીએટરવાલા શેઠ નકુભાઇ શાહ અને તેમના લાયકીવાલા મેનેજર મી૦ દારાબ ખરાસનો એહસાન માનીયે છીએ. ખેલને લગતા કેટલાક ડ્રેસીસ મફત બનાવી આપવા બદલ કાૅમીક હોઝીયરીના માલેકોનો પણ આ તકે આભાર માનીએ છીએ.

લા૦ સેવકો,

જહાંગીર વાડયા,

મીનુ લંગરાના.

મુંબઇ, ૪ થી સપટેમબર ૧૯૨૭.



મેડીકલ વહારકાપ કમીટીના જીંગોમાર મેમ્બરો.

CHARACTERS.

MALES.

વનરાજ સોલંકી–સંજાણ નગરીનો રાજા. ....ડો. વાંકડોઆ.

પુણમલાલ–વનરાજનો પ્રધાન ....મી. દોસા દેસાઈ.

માણેકજી ભગરીઆ–વીરારનો નવાબ ...ફરેસતાઓમાં જઈ વસેલા

સાપુરજી કકલીઆ–વસઇનો નવાબ ...મી. માણેક પારડીવાલા.

કરનલ અસલાજી L. D. S.–માણેકજી ભગરીઆનો
બેટો અને ખટલીનો આશક... ...ડા. જહાંગીર વાડયા.

ફરેદુનજંગ–સાપુરજી કકલીયાનો ભાણેજ ને
ખટલીનો બીજો આશક ... ...ડા. મીનુ લંગરાના.

કેપટન મેંગુસી-અસલાજીનો એડીકાંગ A.D.C....ડા. મીનુ લંગરાના.

ઉસ્તાદજી— ... ...મી. ફીરોઝ એનજીનીયર.

FEMALES.

ખોરસેદબાનુ ઉર્ફે ખટલો–સાપુરજી કકલીયાની
બેટી. અસલાપર આશક ... ...ડા. જાલ પટેલ.

મેરી ફરનાનડીસ–ખટલીની આયા ... ...મી. માંદવીવાલા.

આપુસવાલી ઘાટણ— ... ...ડો. ગુઇપોરોયા.

બાનુઓ અને ગ્રહસ્થો,

આજના વીસમો સદીનાં રોલસ રોઈસ અને એરોપ્લેનના હુનર-મંદીના જમાનામાં એકાદ અસલી જમાનાના બળદના ખટરામાં યા હાથનાં હલેસાં મારવાની બોટમા મુસાફરી જેટલા અવગડ અને કંટાલાભરી લાગે છે તેટલીજ બલકે તેથી વધુ આજના વીજળીક સાયન્સના આગળ વધેલા જમાનામાં દર બબ્બે અને ચાર ચાર મીનીટે હાથનાં ચાવી આપવાનાં ગ્રામોફોન અગવડ અને કંટાલાભરયાં લાગે છે.

છેલ્લામાં છેલ્લા સુધારા વધારા સાથનાં ઓટામેટીક સેલ્ફ સ્ટારટીંગ

પેટંટ મોતોફોન વીજળીક મોટરનાં ગ્રાઈમાફોન્સ

તમારી ચાવી આપવાની કડાકુટ હમેશની દુરે કરે છે. ફકત તેનું ઓટા-મેટીક લીવર ફેરવવે વીજળીક મોટર ચાલુ અને બંધ થાય છે. પહેલેથી છેલ્લે સુધી એક સરખી સરલ ચાલથી ચાલે છે અને અસલ ગાનારાઓનું સંગીત તથા મ્યુઝીક તેના અસલ ઢપમાં તમો આગલ આબાદ રજુ કરે છે. મનપસંદ ડીઝાઇનોનાં ઓક મેહોગની અને વોલનત પોલીસ્ડ, ટેબલ ગ્રાંડ અને કેબીનેટ ગ્રાંડ મોદલસો **કાલબાદેવી પર આવેલી બામ્બે ફોનો જનરલ એજન્સીના** ફુસાદે શો રૂમમાં જોવાને ખુલ્લાં મુકયાં છે.

કીંમતમાં ચાવીવાલાં સારાં મેકરનાં ગ્રામોફોન્સ કરતાં સસ્તાં. એકવાર જોઈ જવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.



વનરાજ સોલંકીની દરબારમાં કરનલ અસલાજીનું જંગે વરીયાવની લડાઇમાંથી જીત મેલવી પાછા ફરવું.

ખેલનો ટુંક સાર

ACT I.

Scene I.

વનરાજ સોલંકીની દરબાર. મહારાજાનાં લશકરની દુશમન પરની જીતના સમાચારથી દરબારની ખુશાલી.

Scene II.

કરનલ અસલાજી પોતાના એડીકાંગ કેપટન મેંગુસી આગલ કુંવારી હાલતપર બલાપો કરે છે. વસઇના નવાબની બેટી ખોરશેદજાન સાથે અસલાનો અચાનક મેલાપ. બેઉનું એકદમ એકબીજાના પ્યારમાં પડવું અને કુટુંબી દુશમનાઇ વીષે બળાપો કરી છુટાં પડવું.

Scene III.

અસલાજી અને ફરેદુનજંગની સરદારી હેઠલ કકલીઆ ભગરીયા લશકરની ઝપાઝપી. મહારાજા આવી લાગી બેઉ લશકરને છુટા પાડે છે.

ACT II.

Scene I.

અસલાને ખટલીની એકેકની જુદાઇમાં તાસવીસ. અસલાનું પોતાની મોકલેલી ચીઠી સાથે પુતલાં તરીકે આવવું. ખટલીની અસલાને મલવાની ગોઠવણ.

Scene II.

ખટલીના મહેલની અગાસીપર અસલા ને ખટલીનો મેલાપ. બેઉ પ્યારાંઓ એક બીજા તરફ પ્યાર જાહેર કરી ખટલીના બાપની હરૂસે પરણી જવાનો બંદોબસ્ત કરે છે.

Scene III.

આલબ્લેસ બાગમાં અસલા ને ખટલીનાં છુપાં લગન.


Scene IV.

ફરેદુનજંગ સાપુરજી આગળ તેની બેટીના હાથની માગણી કરેચ. અસલાને ફરેદુનજંગ વચે મારામારી થતાં ફરેદુનજંગ ઘાયલ થાય છે. મહારાજા અસલાને દેશનીકાલ કરે છે.

Scene V.

સાપુરજીએ ખટલીને ફરેદુન સાથે પરણાવવા હુજત કરવાથી ખટલી મરી જવાના ઢોંગ કરે છે. ખટલીને મરી ગયલી સમજીને અસલો આપઘાત કરે છે, ને તેની પાછલ ખટલી પોતે પણ આપઘાત કરે છે.

Duel.



ખટલીના હાથની ઉમેદવારી માટે અસલા અને ફરેદુનજંગ વચ્ચે ડયુઅલ.

(૧)

(દાસપર દયા લાવોરે—રાહ)

દરબારીઓ—ભુખરીઓપર દયા લાવોરે—(૨)
પરવર હમારા ભુખરીઓપર દયા લાવો
રોકડ હતું તે રેસમાં ગુમાવ્યું,
નાદારીમાં નામ નોંધાવ્યું
કરકાબાલુસો પગાર માંગેરે—પરવર હમારા.
દખમાંઓ મારગેજ મુકાવો
ફ્રો મેટા રી ય મો ખોલાવો
વગર ભારાંના ઘેરો બંધાવોરે—પરવર હમારા.

(૨)

(જબકે કલંદર બન બન ફીરકર—રાહ)

અસલાજી—મહીનાની અંદર—બની સીકંદર
જીત મેલવીને આયોછું.
મેદાન ધ્રુજાવી—દુશમન હરાવી
કેદી પકરી લાયોછું.
અરે કોણની માયે સુંઠ ખાધી કે મારી સાંભે આવે
સીંહની સાંભે આવીને પંજો કોણ લરાવે
ઝનુની જરતોસ્તી સાંભે મગોલો કેમ ફાવે
કોણની માયે સુંઠ ખાધી કે મારી સાંભે આવે—મહીનાની અંદર.

(૩)

(અગર હમ બાગમેં હોતે—રાહ)

અસલાજી ને કેપટન મેંગુસી—
ઈરાનથી પારસી નહી આવતે—ભારતની શી દશા થાતે (૨)
લડયા હમો દુશમનો સાથે—ભારતના હીતને માટે (૨)
ભલેકાજે હમો આયા—સુરાતન ઇરાનનું લાયા
વરીઆવનું જંગ નહી જીતતે—તો બાદશાહ તારૂં શું થાતે.
દાદાભાઇ ફીરોઝશા નરો નેક—કીધી હીંદ સેવાઓ અનેક
બતાવી માર્ગ સ્વરાજનો—વધારયો ટેક ભારતનો

ખોલી પીઠાંઓ દારૂના—ભરયાં ખાણાં તીજોરીના
વગર દુધની ચહા પીધી—ગવરક્ષા પારસીએ કીધી
છાંટા પાણીમાં છે પુરો—લડવામાં પારસી સુરો
છેરઇ ચાલી જસે ઇરાન—તો હીંદનો દહારો છે બુરો
ઇરાનથી પારસી નહી આવતે—

(૪)

(કરલે સીંગાર ચતર અલબેલી—રાહ.)

વનરાજ—રંગત મચાવો—તમ સૌ મવાલી
રહી છે છવાઇ—આજ ખુસાલી—રંગત મચાવો
બબ્બો મંગાવો—સૌ કોઇને પાવો—
આપણુ ઘર છે આજ દીવાળી—રંગત મચાવો. (૧)
અસલો ઇરાની—ખમીરે કયાની—
પહોલી પીશાની છે શેરની નીસાની—રંગત મચાવો. (૨)
હીંમત એની પર—કુમક છે ભારી,
સ્વરાજની આશા ફુલસે હુમારી—રંગત મચાવો (૩)


(૫)

(કાના બેગી આવોરે, દયા કછુ લાવોરે—રાહ)

મેંગુસી—આયા બેગી જાવોરે, પાણી થોડું લાવોરે તરસે મારો જીવડો જાયે
જો નહી જાસીલતો—મારીલ તુલા મી એક ઠોંસોરે
જો નહી જાસીલતો—ઘેસીલ તુલા મી એક બોસોરે
મેરી ફરનાનડીસ જાવોરે—પાણી થોડું લાવોરે—તરસે

અસલો—
ખટલી મારી વહાલીરે, તારા વગર પ્યારીરે, જીંદગી લાગે અકારી
જો નહી માનો તો—પાછલથી પસતાસો ઘણારે, ખટલી મારો વહાલીરે-

ખટલો—
ડીયર અસલુ મારારે-કાં વેચોચ વરસ તમારારે, આ બધામાં નાક મારૂં જાએ
જો નહી જાવોતો—ઘોંટાલો ઘણો થાસેરે, ડીયર અસલુ મારારે—



અસલો—ખટલી આય ઉભરાઇ જતો ને જોસમાં કકરા પરતો પ્યાર તું કબુલ રાખ. કલેજાં આપરે બેઉ ઉદવારે નાસી જઇએ ને તારા બાપની હરૂસે પરણી જઇએ.

શાપુરજી—ઉભો રેહ બચાજી, તું પરણે તે પહેલાં તારી પાયદસ્તજ કરાઉંચ.

(૬)

(કરમ કર મેરે હાલપર અય કરીમ—રાહ)

અસલાજી—જરાતો દયા કર ઓ મારી દીલબર—(૨)
જુદાઇના જખમથી કેમ રાખસ સબર—જરાતો
તારો બાપ મવાલીનો સરદારછે
મારો બાપ પોલીસનો જમાદારછે—જરાતો
એક દહારો દબ્બો એનો ગુલ કરસ
ગારામાં નાંખી તુંને ઉંચકી જવસ
જરાતો દયા કર મારી દીલબર—

અંક બીજો.

(૭)

(મેરે ગમકા તરાના—રાહ)

ખટલી—અસલા ઓ મારા, બુલબુલ ઓ પ્યારા, કાંય જુદાઈ કરેચ,
જુદાઇ તારીનો, જખમ મારાથી, ખમાતો નથી હવે
જલદી આવીને મલસે નહી તો—(૨)
ભલતો કોઇ ઉંચકી જસે-અસલા ઓ મારા—
કુટુંબી કજીઆની મોહકાણને લીધે વહાલાંઓ ટવલો મરેચ
બાવાતો નાતરૂં કરવા નીકલ્યાચ—(૨)
દીકરી કુંવારી સબરેચ-અસલા ઓ મારા—

(૮)

મેંગુસી—બ્હીતી કસાલા
બ્હીતી કસાલા
અસલો—પ્રીતીને ફસાલા (૨)
મેંગુસી—ગાભરૂં નકો બાયા માજી
મીતુજા બાપુસ—કસી દીલી આકુસ
મીતુજા બાપુસ

ધાટણુ—નકો નકો માલા (૨)
પહું મી તુજા પાયા (૨)
મેંગુસી—બ્હીતી કસાલા

(૯)

(ફાગણકે દીન ચાર—રાહ).

અસલો—તુંતો મારાં કલેજાંની કોર—(૨)
ખટલી મારી વહાલો, મારી કટારી
મોંનું ખોલી કંઇતો બોલ
જરા મોંનું ખોલી કંઇતો બોલ
ચીઝીબી આપું ચોકલેટબી આપું
આપું ખાટાં મીઠાં બોર
ઓ ખટલી મારી વહાલી—

(૧૦)

(ગુણધરી સુન મેરી સુન પ્યારે—રાહ)

મેગુસી—જરા નીચે આવોની મારા માયજી—(૨)
ગોરા ગોરા પોરયાઓતો આવી ઉભાછે—(૨)
નીચે આવોનાં મારા માયજી
ઝરૂખે ઉભાં રહી શાને સતાવો
કાંય હમારા ગુરા તપાવો
નીચે આવી જરા દીલ બેહલાવો
ખાલી કાંય મચકાવો—(૨)
નીચે આવોની મારા માયજી

(૧૧)

(ગીરજાતી હું બાલમ પકડ મેરા હાથ—રાહ)

ખટલી—સીધારોની વહાલા, પપા આવસે (૨)
પપા આવસે ને લફરૂં જાગસે—સીધારોની વહાલા.

કુલ જરથોસ્તી આલમને
સાલ મુબારક.

—:(०):—

જેમ્સ પીયર્સ કંપની.

Please Book Your Pateti Order.

તમારે ત્યાંના શુભ દીવસો માટ "ચીકનપાઇ-આમન્ડ પુડીંગ-કોલ્ડ પુડીંગ ફ્રુટ પુડીંગ-ડક બફાડ-શિકાર કીધેલાં હરણની જાતજાતની વાણીઓ-એક એકથી સરસ આઇસક્રીમ સાલમુબારકનાં ફેન્સી કેકસ અને આલબમ વગેરે વગેરેનો વરદીઓ નોંધાવો.

તમો માંગો એવા લહેજતદાર વાઇનો, વ્હીસ્કી, બ્રાન્ડી, બીયર, સ્ટાઉટ, મારકેટ કરતાં પણ કીફાયત ભાવે હમારે ત્યાં મલે છે!

ફકત એક વખત આવી હમારી સુંદર તેબલનો ત્રાયલ લેશોજી.

પ્રીનસેસ સ્ટ્રીટ.

ટેલીફોન ના૦ ૨૫૫૯૮.



વનરાજ—અસલાજી શાંત થાવ ને શાપુરદારૂની દદારીની અદબ કરો. તમારા કકલીઆ ભગરીઆઓની મારામારીથી પારસી કોમમાં કુસંપ વધતો જાય છે, માટે મારા સુરા સરદારો દુશમનીનું મોંનુ કાલું કરી દોસ્તી કરી નાંખો.

અસલો—   શેર

પપા તારાને નાંખ ચુલામાં
કાંય નડેચ એ મારી મજામાં
એવા ડોસા ડગરાઓને નાંખો કુવામાં
કે આરે નહી આવે આપરા રસ્તામાં
પાસે આવોની વહાલી—ખુસી લાગસે (૨)
ખુસી લાગસે ને મજા આવસે—પાસે આવોની વહાલી.

ખટલી—   શેર

પપા મારાને તું નથી ઓળખતો
છે ઝનુની ને જબરો ફીફરેલ
પઠાણો રોકીને પાસરાં ભંજાવસે
ચલાવસે તારા, લોહીની રેલ
હવે સીધારોની વહાલા—પપા આવસે (૨)

(૧૨)

ઉસ્તાદજી—

મુજ ઈદલી બેઝારકો હશરતોને મીટા દીઆ
બેહમ બાગ બાનને દામને ગુલ છુડા દીઆ
જોરે જફાકી આશને હશરતો સફફાક ને
મુજ ઈશકે નામુરાદપર ખંજરે ગમ ચલા દીઆ
જાવો સીધાવો મોરીજાન તુમપે ખુદાકી હો અમાન
ઝીંદ રહે મીલેંગે ફીર ખાલીકને ઘર મીલા દીઆ
ખાના ખરાબ હો ઇશ્કકા હમ દોનોકો તબાહ કીઆ
જીંદગી ઉનકી છીનલી મજનુન હમે બના દીઆ
ખુબ કીઆ સવાલ એ કહેતે હય મુજકો દીલતો દો
તુમે ઈસ દીલસે કયા ગરઝ તુમને એ દીલ જલા દીઆ

ગરદીશે શેઝગારને છીન લીઆ હય મેરા સવાલ
સુરમ લગાયા આંખકો વોબી રોરો જલ દીઆ
મોરી તુમારી આબરૂ અબતો ખુદાકે હાથ હય
તુમને વો તેગ ખેંચલી હમનેબી સર જુકા દીઆ.

(૧૩)

ખટલી—ગલે લગારી મને મારી, દીલદાર મારા અસલા
ઈરાન વસાવી ઝટ વહેલો આવજેરે
તારા વગર પ્યારા, સુનું લાગસેરે
રંડાપો આયો મને ભારી—દીલદાર મારા
જલદીથી પાછો આવજે, મેવાનો કંડીયો લાવજે
રહેજે તબીઅત ખુબ સંભાલી—દીલદાર મારા
પોટ્રીઓથી દુર રેહજે, રંડાયો છું એમ કહેજે
ના કરતો પઇસાની ખુવારી—દીલદાર મારા

(૧૪)

(શું કામની એ કેળવણી તમામ—રાહ)

સાપુરજી—સુંકામના એ ધખારા તમામ
છે બઇરાંઓનું રાંધવાનું કામ—(૨)
આજ કાલની દુકતીઓતો મેટ્રીક ફેટ્રીક થાય
ગોટ પીટ સોટ પીટ આવરયું કે માસ્તરણી થઈ જાય
સુંકામના એ ધખારા-
દારૂવાલાની દીકરી ને તાડીવાલાની બેહેન
કરછો કરછી મુકી દઈને પકરેય ફાઉનટન પેન
સુંકામના એ ધખારા—
છોડી કોલેજ સોધો ધણી સારો જેવો જોઇ
ત્રીસ વરસની ભરતી થઈ તો સુંગસે નહી માય કોઈ
સું કામના એ ધખારા—

Parting.



અસલાને ઇરાન દેશનીકાલ કીધા પછી ખટલીથી છુટાં પડતી વખતનો વીલાપ.

(૧૫)

(ડાલ ગલે બઇયાં મૈં રોયે રોયે જાણીયા—રાહ)

સાપુરજી—આવો કોઈ આવો, જી ખરકી ધોવરાવો (૨)
ખરકી ધોવરાવો, મોબેદ બોલાવો—આવો કોઇ આવો
સુખરનાં પેરીયાં ને લોબાન મંગાવો
ઓટલો ઉઠીયાણું ને પાયદસ્ત જમાવો
છોટો પાણી લાવો, દીકરીનો ગમ ભુલાવો (૨)
આવો કોઇ આવો.
ઉંચી એરીના બુટ કોણુને પેરાવસ
વાઘ છાપનો બંદુસ તારો કોણુને ઓઢાવસ
જાગો દીકરી જાગો, પપાને ગરે લાગો (૨)
આવો કોઈ આવો.

(૧૬)

(ખુને જીગરકો પીતી હું—રાહ)

અસલો—મને લટક આપી કાં ચાલીરે
ઓ ખટલી મારી જાન
તેતો ગરદન મારયો, વહાલીરે
ઓ ખટલી મારી જાન
હું તો બાર વરસે નાહયો
વલી પહેરયો રેસમી સાહયો
હું તો હનીમુન કરવા આયો
પણ એપરોલ ફુલજ થાયોરે
ઓ ખટલી મારી જાન.

સાપુરજી—તારૂં એબીઅલ ડાચું જોઈ,
મારી દીકરીએ સુધ બુધ ખોઇ
રાંડ પરી તારા પર મોઇ (૩)
આખર ખોયો ખુદનો પ્રાણ—મને

(હાય જીજુ, થયું સું રહુ હું—રાહ)

ખટલી—હાય અસલાજી અસલાજી અસલાજી
મોંનું બોલ, કંઇ તો બોલ
બંધઇ કેમ ગીયો
અસલાજી અસલાજી—
દારૂની બાટલીબી હાથમાં પકરી
ફેંટો માથાપરથી ગીયોચ ગબરી
સમજ નહી પરતી કે થયું સું યાર
કે મરી ગીયોચ દીલદાર—અસલાજી અસલાજી.

કરકસર કેમ કરવી?

ઘરધણીયાણીઓને એક નુસખો.

કેટલીક ઘરધણીયાણીઓને કરકસર કેમ કરવી તેનું બીલકુલ જ્ઞાન હોતું નથી તેમાં કેટલીક તો એવી ફુલ્લાં દીલની હોય છે કે દુકાનદારો ગમે તેવી રીતે તેઓના ખીસાં ઉપર રોજરસની છરી જેવો મોટા કાપ મુકે તોપણ તેઓને ખબર પડતી નથી. એટલા વાસતે સાવચેત થઇને કરકસરની શરૂઆત કરવાનો ઈલાજ એ છે કે સઘળો ઘરગતુ વપરાસ માટેનો મરીમસાલો, મેવો, ઘી, ખાંડ વગેરે કોઇ ખરેખરા પ્રમાણીક, ભરોસેદાર અને ખાત્રીપુરવક વેપારીને તયાંથીજ મંગાવવો. એવા વેપારીઓ તે ચીરાબજાર ઉપરના જાણીતા મેસરસ માણેકીયા બ્રધરસ છે, જેઓની દુકાન આજે વરસો થયાં ચીરાબજાર અને અતરાફના તેમજ દુરના પારસી કુટુંબોમાં વીખયાતી પામી છે મેશરસ માણેકીયા પોતાને તયાંથી જે સરવે માલ પુરો પાડે છે તે ચોકખો, ખાત્રીપુરવક અને એકજ ઠરાવેલા ભાવનો હોય છે, જેથી તેઓ પોતાનાં ઘરાકોનો સંપુરણ વીશવાસ મેળવી શકે છે. કરકસર કરવા ચહાતી ઘર ધણીયાણીઓને ભલામણ કરી શકાય કે તેઓએ ઘરસંસારી દરેક ચીજોનો ઓરડર ચીરાબજારવાળા માણેકીયા બ્રધરસને આપવો. એક પોસ્ટ કારડ અથવા તો ટેલીફોન નં૦ ૨૨૮૬૫ માં કરવાથી તમોએ મંગાવેલી ચીજો તમોને ઘેરબેઠાં પોતાનાં માણસ પાસે મોકલી આપશે માલ તપાસી તમારા ગાંધી કરતાં ચહડીયાતો અને ભાવમાં કીફાયત હોય તોજ રાખવો નહી તો બેલાશક પાછો મોકલવો જેથી તમોને ઠગાવાની જરાપણ ધાસતી રહેતી નથી. જરૂર એક વખત ત્રાય કરશોજી.

માણેકીઆ બ્રધસ,

૫૨૧, ચીરાબજાર, ટેલીફોન નં૦ ૨૨૮૬૫.